## શ્રી આર.જી.દેવધરા, ન્યાયાધીશ, કામદાર વીમા અદાલત, અમદાવાદ સમક્ષ.
## ઈ.એસ.આઈ.અરજી નં.૮૧/૨૦૨૪

**અરજદાર : મેસર્સ, આઈ.ટી.પ્રો. સોલ્યુશન પ્રા.લી.**
બી–૧,૧૫, મધુવૃન્દ સોસાયટી,
સ્વીપાર્ક સોસાયટી પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.

**વિરૂધ્ધ,**

**સામાવાળા : ૧) મે. રીજીયોનલ ડાયરેકટરશ્રી,**
**૨) રીકવરી ઓફીસરશ્રી,**
એમ્પ્લોયમેન્ટ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન,
પંચદિપ ભવન,આશ્રમ રોડ, અમદાવાદ.

<u>હાજર રહયા:–</u>
અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી વી.એસ.પાટીલ.
સામાવાળા તરફે : વિધ્વાન વકીલશ્રી જે.કે.પુરાણી.

**–:: <u>આંક–૨ હેઠળ હુકમ</u> ::–**

**૧.** અરજદારે હાલની અરજી કામદાર રાજય વીમા ધારો, ૧૯૪૮ (કે જેનો હવે પછી ટુંકમાં 'ઈ.એસ.આઈ. એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૭૫ મુજબ આંક–૨ થી વચગાળાની અરજી સાથે સામાવાળા વિરુધ્ધ દાખલ કરી સામાવાળા કોર્પોરેશન ધ્વારા તા.૧૬/૧/૨૦૨૩ ના રોજનો કલમ–૪૫(એ) નો હુકમ તથા તા.૫/૧૧/૨૦૨૪ ની રીકવરી સર્ટીફીકેટ મુજબની વસુલાત અરજદાર પાસેથી કરે કરાવે નહીં તેવો વચગાળાનો મનાઈ હુકમ આપવાની દાદ માંગેલ છે.

**૨.** અરજદારની મુળ અરજી તથા આંક–૨ ની મનાઈ અરજીના સમર્થનમાં સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ જે ધ્યાનમાં લીધા તથા બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

**૩.** આ કામે ઈ. ન્યાયાધીશશ્રી ધ્વારા આંક–૨ હેઠળ અંતરીમ આદેશ કરી અરજદારને

કલમ–૪૫(એ) હેઠળના તા.૧૬/૧/૨0૨૩ ના હુકમમાં ફાળા પેટે રૂા.૮,૭૨,૧૫૯/– ની વસુલાતની કાર્યવાહીના સંદર્ભે ઉપરોકત રકમના ૫૦% રકમ એટલે રૂા.૪,૩૬,૦૮૦/– (અંકે રૂપિયા ચાર લાખ છત્રીસ હજાર એંશી પુરા) સામાવાળા સમક્ષ જમા કરાવવા અંગેના હુકમના સંદર્ભે અરજદારે આંક–૮ ની પુરશીશ સાથે ચલણની નકલ રજૂ કરી જાહેર કરેલ છે કે, તેઓએ ઉપરોકત હુકમ મુજબ રૂા.૪,૩૬,૦૮૦/– (અંકે રૂપિયા ચાર લાખ છત્રીસ હજાર એંશી પુરા) ચલણથી તા.૧૫/૧/૨૦૨૫ ના રોજ જમા કરી દીધેલ છે. જે અંગે ચલણની નકલ આ સાથે કોર્ટ રેકોર્ડમાં રજુ છે.

ઉપરોકત હકીકત અને બન્ને વિધ્વાન વકીલશ્રીઓની રજુઆતો ધ્યાને લેતાં અરજદારની આંક–૨ ની અરજીના પેરા નં.૫ મુજબ માંગેલી દાદ આંક–૧ અરજીની ફાઈનલ સુનાવણી સુધી અરજદાર વિરુધ્ધ ઉપરોકત રીકવરીની કાર્યવાહી સામે વચગાળાનો મનાઈ હુકમ આપવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**અમદાવાદ.**
**તા.૦૧/૦૩/૨૦૨૫**

**(રાજદીપસિંહ ગુમાનસિંહ દેવધરા)**
ન્યાયાધીશ,
કામદાર વીમા અદાલત,
અમદાવાદ.
કોડ નં.જીજે૦૦૪૪૨

પી.વી.ચુડાસમા, પી.એસ.